હિંમતનગર । મોડાસા । બાયડ । ભીલોડા । ખેડબ્રહ્મા । તલોદ । શામળાજી । પ્રાંતિજ । ધનસુરા । પોશીના । હરસોલ । ઈડર । વિજયનગર । માલપુર । મેઘરજ । વડાલી । ખંભીસર

ખેડૂત આંદોલનથી ખેડૂતોને નુકસાન, ૨ મહિનાથી નિકાસ અટકી

ઉત્તર ગુજરાતમાંથી દિલ્હીમાં થતી ચીકુ, પપૈયા, ટામેટાની નિકાસને અસર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

દેશની રાજધાની દિલ્હી અને તેની સરહદો ઉપર ૨ મહિનાથી ચાલી રહેલા ખેડૂત આંદોલનના કારણે હવે ખેડૂતોને જ નુકસાન થઈ રહ્યું છે. ઉત્તર ગુજરાતમાંથી સામાન્ય દિવસોમાં ખેડૂતો દ્વારા મોટાપાયે ચીકુ, પપૈયા, દાડમ, ટામેટાની દિલ્હી અને તેના આસપાસના શહેરોમાં નિકાસ કરવામાં આવતી હતી પરંતુ ખેડૂત આંદોલન ઉગ્ર બનતાં નિકાસ અટવાઈ છે. ૫ જિલ્લાના ખેડૂતોને દિલ્હીના આંદોલનથી આર્થિક ફટકો પડ્યો છે. ખેડૂત આંદોલન હિંસક બની જતાં અનેક ટ્રકોનાં પૈડાં થંભી ગયા છે. નિકાસ કરેલ જથ્થો રસ્તામાં જ બગડી જતાં હવે ખેડૂતોએ ઉત્તર ભારતના રાજ્યોમાં નિકાસ ઉપર બ્રેક લગાવી છે.

ખેડૂત આંદોલનની ચર્ચાઓ હવે દુનિયાભરમાં થવા લાગી છે. ૨૬ જાન્યુઆરીએ ટ્રેક્ટર પરેડ દરમ્યાન થયેલ હિંસામાં રાજકારણ ગરમાયું છે. તા.૬ ફેબ્રુઆરીએ ફરીથી ખેડૂત સંગઠનો દ્વારા ચક્કાજામ કરવાની ચીમકી ઉચ્ચારાતાં હિંસાની સંભાવનાને પગલે લોખંડી સુરક્ષા પ્રબંધ દિલ્હી ફરતે ગોઠવવામાં આવ્યો છે. ખેડૂતોના હિત માટે અત્યાર સુધી આંદોલનને અન્ય ખેડૂતો પણ સમર્થન આપી રહ્યા હતા પરંતુ હવે ૨ મહિનાથી દિલ્હીને જોડતા સીમાડાઓ હિંસાના કારણે પ્રભાવિત થતાં ખુદ ખેડૂતોને તેનાં માઠાં પરિણામ ભોગવવાનો વારો આવ્યો છે.

ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લાના અસંખ્ય પ્રગતિશીલ ખેડૂતોએ ખેતીમાં વૈજ્ઞાનિક ઢબથી આમૂલ પરીવર્તન લાવ્યા છે જેના કારણે દિલ્હી તેમજ આસપાસના વિસ્તારોમાં ઉત્તર ગુજરાતના ખેડૂતો દ્વારા પકવવામાં આવેલા ચીકુ, પપૈયા, ટામેટાની મોટી માંગ રહેતી હોય છે. રોજ ટનબંધ જથ્થો ટ્રકો દ્વારા દિલ્હી સહિતના વિસ્તારમાં ખેડૂતો મોકલતા હોય છે પરંતુ ૨ મહિનાથી આંદોલન વધુ ને વધુ ઉગ્ર બન્યું હોવાથી ખેડૂતો દ્વારા થતી નિકાસને અસર થઈ છે.

આંદોલન શાંત પડવાનું નામ લેતું ન હોવાથી ઉત્તર ગુજરાતના ખેડૂતોએ હવે દિલ્હી તેમજ ઉત્તર ભારતના અન્ય રાજ્યોમાં થતી નિકાસને ન છૂટકે અટકાવી દીધી છે. ટૂંકમાં ખેડૂતોના હિત માટે ચલાવાતા આંદોલનથી હવે ખુદ ખેડૂતોને જ માઠું નુકસાન થવા લાગ્યું છે. આ ઉપરાંત ખેડૂતો દ્વારા વાલોર પાપડીનું મોટાપાયે ઉત્પાદન થતું હોવાથી છેલ્લા કેટલાક સમયથી ઈડરના ખેડૂતો ચીકુ, પપૈયા, ટામેટાની નિકાસ કરવાની સાથે વાલોર પાપડી પણ નિકાસ કરવા લાગ્યા હતા ત્યાં હવે ખેડૂત આંદોલનના કારણે ખેડૂતો દ્વારા ઉત્પાદીત શાકભાજીના જથ્થાને નિકાસ કરવામાં અડચણ ઉભી થઈ છે.

ખેડૂતોની મજાક બંધ કરો, માલપુર તાલુકાના ખેડૂતોને ટેકાના ભાવે ચણા વેચવા ૧૦ દિ અગાઉ મેસેજ મળ્યા

ખેડૂતોને ખોટો ફેરો પડતાં વળતર આપવાની માંગ, બેદરકાર તંત્ર સામે પગલાં ભરો

સરકાર દ્વારા તા.૧૫ ફેબ્રુઆરીથી ટેકાના ભાવે ચણાની ખરીદી કરવાની છે ત્યારે માલપુર તાલુકાના કેટલાક ખેડૂતોને તા.૫ ફેબ્રુઆરીએ સવારે ૧૧-૦૦ કલાકે માલપુર માર્કેટયાર્ડમાં પાક ઉપજ વેચવા માટે આવવાના મેસેજ મોબાઈલ મારફતે મળતાં હરખાયેલા ખેડૂતો માર્કેટયાર્ડમાં પહોંચ્યા હતા પરંતુ ત્યાં ચણાની ખરીદી શરૂ કરવામાં આવી ન હતી વાસ્તવમાં તંત્રની ભૂલના કારણે ખોટા મેસેજ થયાનું બહાર આવ્યું છે જેના કારણે ચણા વેચવા ગયેલા ખેડૂતોને ખોટો ફેરો પડ્યો છે જેથી વળતર આપવું જોઈએ અને બેદરકાર તંત્ર સામે પગલાં ભરવાં જોઈએ તેવું ખેડૂત અગ્રણીઓએ જણાવ્યું છે.

જિલ્લાના પુરવઠા શાખામાં માત્ર દેખાડા પૂરતો જ વહીવટ થાય છે જેના કારણે અનેક વિસ્તારોમાં પુરવઠા તંત્રની ઘોર બેદરકારી સામે રોષ સામે આવી રહ્યો છે. જિલ્લામાં ટેકાના ભાવે ચણા ખરીદવા માટે સરકારે નિર્દેષ આપ્યા પછી જે તે વિસ્તારોમાં ચણાની પાક ઉપજ વેચવા માગતા ખેડૂતોને રજીસ્ટ્રેશન કરાવવા માટે સૂચના આપવામાં આવી હતી અને રજીસ્ટ્રેશન થયા પછી ખેડૂતોને ૧૫ ફેબ્રુઆરીએ દરરોજ ૧૫ થી ૨૦ ખેડૂતોને જેમને મેસેજ આવ્યા હોય તે પાક ઉપજ વેચાણ માટે લઈને આવે તેવી યોગ્ય વ્યવસ્થા કરી હતી પરંતુ પુરવઠા વિભાગે ૧૫ ફેબ્રુઆરીના બદલે ૫ ફેબ્રુઆરીએ ચણાનો પાક વેચવા આવવા માટે ૫૦ થી વધુ ખેડૂતોને મેસેજ કરતાં ખેડૂતો આશ્ચર્ય અનુભવી મેસેજ વિભાગના છે એટલે તમામ કામ પડતા મૂકી ચણા ટેકાના ભાવે વેચવા માટે પહોંચ્યા હતા પરંતુ ત્યાં કોઈ ખરીદનારૂ ન હોવાથી ખેડૂતો રોષે ભરાયા હતા. આખરે પુરવઠા તંત્રને જાણ કરતાં તેઓએ ભૂલથી મેસેજ થઈ ગયાનો સ્વીકાર કર્યો હતો.

મોડાસા ચાર રસ્તા પોલીસ ચોકી આગળ દેખાડા ખાતર ટ્રાફીક નિયમની કામગીરી

આડેધડ ક્રોસ થતા વાહનોથી અકસ્માતનું જોખમ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

મોડાસામાં ટ્રાફીકની સમસ્યા હળવી થવાને બદલે જટીલ બનવા લાગી છે. ચાર રસ્તા પોલીસ ચોકી આગળ વધુ ટ્રાફીક રહેતો હોવા છતાં પોલીસ દ્વારા ટ્રાફીક નિયમનની દેખાડા ખાતર કામગીરી થઈ રહી છે. આડેધડ વાહનો પસાર થતાં હોવાથી અકસ્માતનું જોખમ વધ્યું છે. સુચારૂરૂપ ટ્રાફીક નિયમન માટે ટ્રાફીક બ્રિગેડના જવાનો માત્ર સવારે અને સાંજે ગણતરીની મીનીટો માટે ટ્રાફીક નિયમ સંભાળતા જોવા મળે છે જેના કારણે ચાર રસ્તા ઉપર ટ્રાફીકનો જમાવડો કાયમી બની ગયો છે.

અરવલ્લીના પાટનગર મોડાસામાં ટ્રાફીકની સમસ્યા કાયમી ઘર કરી ગઈ છે. શહેરના ચાર રસ્તાથી બસ સ્ટેશન અને ચાર રસ્તાથી માલપુર રોડ તેમજ મેઘરજ રોડ તેમજ ડીપ વિસ્તાર તરફ વધુ ટ્રાફીક રહેતો હોવાથી ખાસ કરીને ઓફીસ ટાઈમ તેમજ સાંજના સમયે વાહન તો ઠીક પરંતુ પગપાળા નિકળવું પણ મુશ્કેલ ભર્યું બની જતું હોય છે. ચાર રસ્તા ઉપર કાયમી પોલીસ ચોકી કાર્યરત કરી ટ્રાફીક વ્યવસ્થા સંભાળવા માટે પોલીસની સાથે ટી.આર.બી.ના જવાનો ફરજ ઉપર મૂકવામાં આવતા હોય છે પરંતુ મોટાભાગના કર્મીઓ ચોકીમાં ખૂરશીઓ અથવા તો બહાર વાહનો ઉપર વધુ ચીટકી રહેતા હોય છે જેના કારણે ટ્રાફીકજામના દ્રશ્યો જોવા મળતા હોય છે.

મોડાસા શૈક્ષણિકનગરીની સાથે વેપારી મથક હોવાથી આસપાસના ગામોની પ્રજા ખરીદી અર્થે જિલ્લા મથકે આવતી હોય છે પરંતુ આડેધડ વાહન પાર્કીંગ તેમજ ચિંથરેહાલ ટ્રાફીક વ્યવસ્થાના કારણે હાલાકી અનુભવતી હોય છે. ગ્રામ્ય પ્રજા તો ઠીક પરંતુ સ્થાનિક વાહન ચાલકો પણ ચાર રસ્તા આગળ વારંવાર ખોરવાતી ટ્રાફીક વ્યવસ્થાના કારણે પરેશાન બની ગયા છે. તેમાંય મેઘરજ રોડ ઉપર હંગામી એસ.ટી. ડેપો શરૂ કરાયા પછી તો ચાર રસ્તા પોલીસ ચોકી આગળ ટ્રાફીક નિયમનની કામગીરી વધુ ખોરવાતી હોય છે. દેખાડા ખાતર જ ટી.આર.બી. જવાનો થોડીક મીનીટો માટે સર્કલ ઉપર ઉભા રહ્યા પછી ગાયબ થઈ જતા હોય છે.

ભ્રષ્ટાચારી તંત્ર ઉપર ખુદનો ભ્રષ્ટાચાર ભારે

મોડાસામાં ખાણ ખનિજ વિભાગના રોયલ્ટી ઈન્સ્પેક્ટરને મારી નાખવાની ધમકી

ખનિજ ચોરોની હિંમત જુઓ, નજર સમક્ષથી આખે આખી ટ્રક લઈ ફરાર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

અરવલ્લી જિલ્લા ખાણખનિજ વિભાગમાં ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. ભ્રષ્ટાચારી તંત્રને પોતાનો ખુદનો ભ્રષ્ટાચાર હવે ભારે પડતો હોય તે રીતે મોડાસાના દેવરાજધામ નજીક ખાણખનિજ વિભાગના રોયલ્ટી ઈન્સ્પેક્ટરને મારી નાખવાની ધમકી અપાતાં રાજસ્થાનના સીમલવાડાના ૨ ઈસમો વિરૂદ્ધ મોડાસા ટાઉન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. છેલ્લા કેટલાય સમયથી ખાણખનિજ વિભાગના અધિકારીઓ ખનિજ ચોરો સામે ધરોબો રાખી સરકારની તિજોરીને નુકસાન થાય તે પ્રકારે ગેરકાયદે વહીવટ કરતા હોવાના આક્ષેપ વચ્ચે રોયલ્ટી ઈન્સ્પેક્ટરને મારી નાખવાની ધમકીનો બનાવ સામે આવતાં વિઝીલન્સ કમીશનર દ્વારા યોગ્ય તપાસ થાય તો અનેક ચોંકાવનારી વિગતો સામે આવી શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લા ખાણખનિજ વિભાગના રોયલ્ટી ઈન્સ્પેક્ટર ધવલ એસ.સતપૂતે તા.૨ ના રોજ દેવરાજધામ નજીક ગેરકાયદે ખનિજ લઈ જતા વાહનોના ચેકીંગમાં હતા તે સમય દરમ્યાન ટ્રક(નં.જી.જે.૩૧-ટી-૭૩૫૦)માં ગેરકાયદે રીતે સાદી રેતી ઓવરલોડ ભરી વાહન જતું હોવાની આશંકાથી ટ્રક થોભાવી હતી અને રોયલ્ટી પાસમાં ૨૪ ટન દર્શાવ્યો હતો પરંતુ તેમાં ૩૦ મેટ્રીક ટન રેતી ભરી હોવાનું જણાતાં વજન કાંટો કરવા ટ્રકચાલકને જણાવેલ પરંતુ ખનિજ ચોરીમાં ટ્રક પકડાશે તો લાખો રૂપિયાનો દંડ થશે તેવું જણાતાં રોયલ્ટી ઈન્સ્પેક્ટર સાથે ગાળાગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને અધિકારીની નજર સમક્ષ જ આખે આખી ટ્રક લઈ નાસી છૂટ્યો હતો. ત્યારબાદ આરોપી ફોર્ચ્યુનર કાર લઈને આવી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાતાં તહલકો મચ્યો હતો. બનાવની ભીંતરમાં ઉંડાણપૂર્વક પોલીસ વડા દ્વારા તપાસ થાય તો અરવલ્લી જિલ્લામાં ખનિજ માફીયાઓ સાથે તંત્રની મોટી સાંઠગાંઠનો પર્દાફાશ થઈ શકે છે. કારણ કે માત્ર ચોક્કસ ઈસમોની જ ટ્રકો ખનિજ ચોરીમાં પકડવામાં આવે છે અને મોટા ખનિજ ચોરોને છાવરવામાં આવી રહ્યા છે તેવી લોકચર્ચા છેડાઈ છે.

પોલીસની આબરૂના ધજાગરા ઉડતાં કાર્યવાહી

હિંમતનગરમાં દારૂ ઢીંચી ખાખીની આબરૂ કાઢનાર પોલીસ કર્મી સસ્પેન્ડ

નશામાં લથ્થડીયાં ખાતો વિડીયો વાયરલ થતાં જિલ્લા પોલીસ વડા ખફા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

સાબરકાંઠા પોલીસની આબરૂના ધજાગરા ઉડાડતો કિસ્સો બુધવારે સામે આવ્યો હતો જેમાં હિંમતનગરના ન્યાય મંદિર વિસ્તારના ભર બજારમાં ખાખી વર્દીમાં સજ્જ હેડકવાટર્સમાં ફરજ બજાવતા પોલીસ કર્મી ભરતભાઈ હકસીભાઈ નશામાં ધૂત બની રોડ ઉપર આળોટતા હોવાનો વિડીયો વાયરલ થયો હતો જેથી જિલ્લા પોલીસ વડા નિરજ બડગુજરે પીધેલા પોલીસ કર્મીને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દીધો છે. સોશ્યલ મીડીયામાં પોલીસની દારૂબંધી મુદ્દે ફીરકી ઉતરતાં હિંમતનગર બી-ડીવીઝન પોલીસ દ્વારા ગુનો દાખલ કરી પોલીસ કર્મી વિરૂદ્ધ ધોરણસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

જિલ્લામાં દારૂબંધીની ડંફાશો વચ્ચે ઠેકઠેકાણે દેશી વિદેશી દારૂની પરબો ધમધમી રહી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થતાં દારૂની મોટાપાયે રેલમછેલની આશંકા વધી ગઈ છે. જિલ્લામાં અનેક પોલીસ કર્મીઓ દારૂના વ્યસની હોવાના આરોપ લાગ્યા છે. ભૂતકાળમાં પોલીસ વડાએ દારૂ પીધેલા કેટલાક પોલીસ કર્મીઓને સરપ્રાઈઝ ચેકીંગમાં ઝડપી શિક્ષાત્મક કાર્યવાહી કર્યાના કિસ્સા પોલીસ દફતરે છે ત્યારે હિંમતનગર ન્યાય મંદિર પાસે ખાખી વર્દીમાં સજ્જ મહાશય ચિક્કાર દારૂ પીધા પછી ખાખી વર્દી અને પોલીસની આબરૂને ઓછી કરવામાં કોઈ કસર રાખી ન હતી. જોતજોતામાં વિડીયો સમગ્ર જિલ્લા સહિત રાજ્યમાં વાયરલ થતાં પોલીસ હરકતમાં આવી હતી. દારૂબંધીની જવાબદારી જેમના શિરે છે તે પોલીસ કર્મી દારૂ પીધા પછી સમગ્ર હરકતો જગજાહેર થતાં બી-ડીવીઝન પોલીસે મીડીયાને વિગતો આપવામાં આનાકાની કરવાનો પ્રયાસ કર્યો હતો. સોશ્યલ મીડીયામાં પીધેલા પોલીસ કર્મીનો વિડીયો વાયરલ થઈ જતાં આખરે જિલ્લા પોલીસ વડા દ્વારા પોલીસ કર્મી વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવાની સૂચના અપાતાં હિંમતનગર બી-ડીવીઝન પોલીસે મને ક મને પોલીસ ફરિયાદ દાખલ તો કરી પરંતુ ત્યાર પછી પણ વિગતો છૂપાવવાનો પ્રયાસ કર્યો હતો. દારૂના નશામાં ચકચૂર થઈ પોલીસની આનબાન, શાનને જાહેરમાં ધૂરધાણી કરનાર પોલીસ કર્મી સામે ફરિયાદ દાખલ થયા પછી તેને સસ્પેન્ડ કરાતાં પોલીસ બેડામાં સન્નાટો મચ્યો છે.

સાબરકંઠા ભાજપ દ્વારા આઈ.ટી. અને સોશ્યલ મીડીયા કન્વિનરોની નિમણૂંક

ઈડર, તા.૦૪

સાબરકાંઠા જિલ્લા ભાજપ દ્વારા આઈ.ટી. અને સોશ્યલ મીડીયા કન્વિનર અને સહકન્વિનરની નિયુક્તિ કરી સરકારી યોજનાઓ સોશ્યલ મીડીયાના માધ્યમથી કાર્યકર્તાઓ અને પ્રજા સુધી પહોંચાડવા માટે જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.

જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ જે.ડી.પટેલ દ્વારા જિલ્લાના આઈ.ટી. વિભાગમાં જીગર રાવલ, આઈ.ટી. કન્વિનર સુધીર પટેલ અને કનુ પટેલ સહકન્વિનર તેમજ સોશ્યલ મીડીયામાં કન્વિનર અશ્વિન પટેલ, સહકન્વિનર વદનસિંહ ઝાલા, નિખીલ પટેલ(ઈડર)ની આગામી ૩ વર્ષ માટે નિયુક્તિ કરવામાં આવી હતી તેમની નિયુક્તિને જિલ્લા ભાજપ સંગઠનના હોદ્દેદારો તેમજ લલિત પટેલ(રૂવચ) વગેરેએ અભિનંદન પાઠવ્યા હતા.

ચૂંટણીનો ઢોલ વાગ્યો : હિંમતનગર, મોડાસા, બાયડ, તલોદનાં ૯૫ મતદાન મથક અતિસંવેદનશીલ

પોલીસ અધિકારીઓની નિગરાની હેઠળ ચૂસ્ત બંદોબસ્ત ગોઠવાશે, બાયડનાં તમામ ૧૮ મતદાન મથક અતિસંવેદનશીલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો ઢોલ વાગ્યો છે. આગામી ૨-૩ દિવસમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને પાલિકાના ઉમેદવારોની યાદી ભાજપ-કોંગ્રેસ સહિત અન્ય પક્ષો જાહેર કરી શકે છે ત્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મળેલા સ્થાનિક રિપોર્ટ અનુસાર હિંમતનગર, મોડાસા, બાયડ અને તલોદ નગરપાલિકાના કુલ-૯૫ મતદાન મથક અતિસંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા છે. બાયડ નગરપાલિકા વિસ્તારના તમામ ૧૮ મતદાન મથક અતિસંવેદનશીલ મતદાન મથકમાં સમાવેશ થયો છે.

જિલ્લામાં તા.૨૮ ફેબ્રુઆરીએ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મતદાન મથકમાં ગેરરીતી ન થાય, બુથ કેપ્ચરીંગના બનાવો ન બને, માથાભારે તત્વો મતદારોને ધમકાવે નહીં તે માટે તંત્ર દ્વારા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરી છે. ચૂંટણી જાહેર થયા પછી મતદાન મથકોના અગાઉના રેકર્ડના આધારે સંવેદનશીલ અને અતિસંવેદનશીલ મતદાન મથકો જાહેર થતા હોય છે. ઉમેદવારો જાહેર થયા નથી તે પહેલાં અતિસંવેદનશીલ મતદાન મથકો જાહેર થયા છે. પરંતુ કેટલાક કિસ્સાઓમાં રાજકીય પક્ષોના ઉમેદવારોના નામ જાહેર થયા પછી વધુ મતદાન મથકો સંવેદનશીલ અને અતિસંવેદનશીલ કેટેગરીમાં આવી શકે છે. બાયડના તમામ ૧૮ મતદાન મથકો અતિસંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા છે તેમ રીટર્નિંગ ઓફીસર નાયબ જિલ્લા વિકાસ અધિકારી કે. કે. પટેલે જણાવ્યું છે. જ્યારે મોડાસાના ૬૫ પૈકી ૩૭ મતદાન મથકો અતિસંવેદનશીલ જાહેર કર્યાનું રીટર્નિંગ ઓફીસર, પ્રાંત અધિકારી મયંકભાઈ પટેલે જણાવ્યું હતું. જ્યારે સાબરકાંઠામાં હિંમતનગર પાલિકાના ૩૭ અને તલોદ પાલિકાના ૩ મતદાન મથકો મળી કુલ-૪૦ મતદાન મથક અતિસંવેદનશીલ જાહેર થયા છે. જ્યારે પ્રાંતિજ પાલિકાના ૩૧ મતદાન મથક, તલોદ પાલિકાનું ૧ મતદાન મથક સંવેદનશીલ જાહેર કરાયું છે.

સાબરકાંઠામાં ૮૪ મતદાન મથક અતિસંવેદનશીલ, ૨૮૪ સંવેદનશીલ

બાયડ : સાબરકાંઠા જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ૨ પાલિકાની સામાન્ય ચૂંટણી અને ૧ પાલિકાની પેટાચૂંટણી માટે જિલ્લા-તાલુકા પંચાયત વિસ્તારમાં ૯,૧૨,૯૦૫ મતદારો અને પાલિકા વિસ્તારમાં ૮૩,૨૭૪ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરવાના છે. ત્યારે જિલ્લા ચૂંટણી અધિકારીની નિશ્રામાં તમામ મતદાન મથકોના સ્થાનિક રિપોર્ટને ધ્યાને લીધા પછી પોલીસ રિપોર્ટના આધારે ૧૧૭૨ મતદાન મથકમાંથી ૮૪ મતદાન મથક અતિસંવેદનશીલ જાહેર કરાયા છે. જ્યારે ૨૮૪ મતદાન મથક સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા છે. અતિસંવેદનશીલ મતદાન મથક ઉપર એસ.આર.પી. સહિત પોલીસનો કાફલો તૈયાર રહેશે તેમજ કેટલાક મતદાન મથકો ઉપર વિડીયો રેકોર્ડીંગ કરવાનો પણ નિર્ણય લેવાઈ શકે છે.

શામળાજી પોલીસે અણસોલ પાસે ટેમ્પામાંથી વિદેશી દારૂ ઝડપ્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મોટાપાયે દારૂની રેલમછેલ થવાની છે જેથી બુટલેગરોએ રાજસ્થાનથી દારૂ ખરીદી રાજ્યમાં સંતાડવાની પેરવી શરૂ કરી છે. શામળાજી પોલીસે અણસોલ પાસે ટેમ્પામાં સંતાડેલ રૂા.૩૩,૨૪૦ની કિંમતનો ૫૫૪ પેટી ક્વાટરીયાં વિદેશી દારૂ સાથે રાજસ્થાનના ૨ ઈસમોની અટકાયત કરી છે. જ્યારે વિદેશી દારૂ રાજસ્થાનના આમેડથી અશોક માલીએ ભરી આપ્યો હતો અને તે અમદાવાદના મનિષના ત્યાં ઉતારવાનો હોવાનું પકડાયેલા આરોપીઓએ નિવેદન આપતાં પોલીસે મુખ્ય સપ્લાયર અને ખરીદનારને શોધવા તપાસનો દોર આગળ વધાર્યો છે. બનાવ અંગે શામળાજી પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધી કુલ રૂા.૧,૩૫,૭૪૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

ચૂંટણી જીતવા માટે દારૂની રેલમછેલ અનિવાર્ય બની છે. ગુજરાતમાં દારૂ ઉપર પ્રતિબંધ હોવા છતાં રાજસ્થાન કરતાં ગુજરાતમાં સૌથી વધુ દારૂનું વેચાણ થયાના આરોપ લાગેલા છે ત્યારે છેલ્લા ૩ દિવસથી શામળાજી પોલીસે સપાટો બોલાવતાં દરરોજ મોટી સંખ્યામાં વિદેશી દારૂની હેરાફેરી ઝડપાઈ રહી છે. જિલ્લા પોલીસ વડા સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ શામળાજી પોલીસે અણસોલ નજીક રાજસ્થાનથી ગુજરાતમાં પ્રવેશતાં વાહનોનું ચેકીંગ સઘન બનાવ્યું છે જે સમય દરમ્યાન રાજસ્થાન થી ગુજરાતમાં પ્રવેશતા ટેમ્પોને થોભાવી તલાશી લેતાં કેબિનમાં ડેસબોર્ડ નીચે તેમજ સીટ નીચે સંતાડેલ વિદેશી દારૂ સાથે ચાલક પારસ પોકરજી રૂપાજી રેગર(રહે.જીલોલા, તા.આમેડ-રાજસ્થાન) અને ગૌરીશંકર ગણેશજી ક્રિષ્ણાજી રેગર (રહે. બિનોલ, રાજસ્થાન)ની અટકાયત કરવામાં આવી છે.